મે ૨૦૧૧

કિંમત રૂ. ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## રજા એ... મજા

સંત તુકારામ

જેસલ-તોરલ

શ્રીમદ્ રાજચંદ્ર

અભયકુમાર

હુર્રેરેરે.... કેટલી બધી વાર્તાઓ !!!



# રજા એ... મજા

**અક્રમ એક્સપ્રેસ**


મીઠી યાદેં.................... ૧

આ તો નવી જ વાત !........ ૨

વિદ્યા વિનયથી જ પ્રાપ્ત થાય !...૪

દાદાજી કહે છે............... ૬

જેસલ અને તોરલ...........૭

ચાલો રમીએ..............૧૦

તુકારામની નીતિમત્તા......૧૨

દૂધ પીવાય, લોહી નહી.....૧૩

મનગમતી વાર્તા..........૧૪

શોધી કાઢો.................૧૫

જાણવા જેવું..............૧૬

પઝલના જવાબો..........૧૭

મુંબઈ કીડ્સ કેમ્પ.........૧૭


બાળમિત્રો,

વેકેશન એટલે બસ ખાવાનું, પીવાનું અને રમવાનું. પણ આવા તપતા ઊનાળામાં બહાર રમવા જવા તો નહીં મળતું હોય ને? અને જો રમવાનું ન મળે તો વેકેશનની મજા જ મરી જાય, ખરું ને ? માટે જ ઘરે બેઠાં તમે વેકેશનની મજા માણી શકો તેને ધ્યાનમાં રાખીને સરસ મજાની વાર્તાઓ આ અંકમાં મૂકવામાં આવી છે. અને હા, સાથે સાથે નવી નવી જાણવા જેવી વાતો અને મગજને કસરત મળે એવી રમતો પણ છે.

તો ચાલો, સારા બોધપાઠ મળે એવી વાર્તાઓ વાંચીએ, નવું નવું જાણીએ, રમતો રમીએ અને ખૂબ મજા કરીએ. હવે તો ખુશ ને?

- ડિમ્પલ મહેતા




**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૩, અંક : ૯
સળંગ અંક : ૩૩
**મે ૨૦૧૧**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
**અમદાવાદ:**
(૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.**: ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.**: ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Printed, Published and Owned by :**
**Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# મીઠી યાદેં

મુંબઈમાં એક બ્રહ્મચારી ભાઈ રહેતા હતા. એમને દાદા અને નીરુમાની ખૂબ ભક્તિ હતી. નીરુમા પાસે એ નિયમિત આવજા કરતા. એમને નીરુમા પાસે કાયમ આવી જવાનું ઘણી વાર મન થતું પણ કોઈક વાત તો હતી જેના કારણે એ અટકી જતા હતા. એમને પણ આ બહુ ખૂંચતું હતું.

એક દિવસ એમણે નીરુમાને પોતાના હૃદયની વાત કરતા કહ્યું, ‘‘નીરુમા, મારે કાયમ માટે તમારી પાસે આવી જવું છે. પણ એક વિચાર આવે છે અને હું અટકી જાઉં છું.’’

નીરુમાએ ખૂબ જ પ્રેમથી કહ્યું, ‘‘કહેને, શું વાત છે ?’’

પેલા ભાઈએ કહ્યું, ‘‘નીરુમા, મને કાજુકતરી બહુ જ ભાવે છે. અહીંયા તો હું વારેવારે કાજુકતરી ખાઉં છું. એટલે મને વિચાર આવે છે કે તમારી પાસે આવ્યા પછી મને કાજુકતરી ખાવા નહીં મળે. એ વિચારથી હું કાયમ માટે આવતા અટકી જાઉં છું.’’

આ સાંભળી નીરુમાને હસવું આવી ગયું. એમણે તરત કાજુકતરી મંગાવી અને એમના હાથે પેલા ભાઈને ખવડાવતા બોલ્યા, ‘‘બસ, આટલી જ વાત છે ! હું તને કાજુકતરી ખવડાવીશ. કાજુકતરી માટે નીરુમાને છોડાતા હશે ? આવી જા હવે.’’

અને થોડા જ સમયમાં પેલા ભાઈ નીરુમા પાસે રહેવા આવી ગયા.

ત્યાર બાદ જ્યારે પણ ‘વાત્સલ્ય’માં (નીરુમાનું નિવાસસ્થાન) કાજુકતરી આવે ત્યારે નીરુમા એ ભાઈને ખાવા અચૂક બોલાવતા અને પોતાના હાથે ખવડાવતા.

થોડા સમયમાં પેલા ભાઈએ નીરુમાને આવીને કહ્યું, ‘‘નીરુમા, હવે હું કાજુકતરી કરતાં તમારા પ્રેમથી ધરાઈ ગયો છું. મને કાજુકતરી કરતાં તમારો પ્રેમ વધુ મીઠો લાગે છે.’’

જોયું મિત્રો, જ્ઞાનીઓ કેટલા પ્રેમથી બધાને સાચવતા!



# આ તો નવી જ વાત !

પ્રશ્નકર્તા : એક માણસે ઘાસ તોડ્યું, બીજા માણસે ઝાડ કાપ્યું, ત્રીજા માણસે મચ્છર માર્યું, ચોથા માણસે હાથી માર્યો, પાંચમા માણસે મનુષ્યને માર્યો. હવે એ બધામાં જીવ હત્યા તો થઈ જ પણ એનું પાપનું ફળ જુદું જુદું કેમ ?

દાદાશ્રી : સામાને ભોગવટો કેટલો છે, એનાં ઉપર આપણને પાપ લાગે. તણખલાની કંઈ કિંમત જ નથી.

પ્રશ્નકર્તા : પણ એમાં આત્મા તો ખરો ને ?

દાદાશ્રી : એ ખરો, પણ તે બેભાનપણામાં ભોગવે છેને ! જ્યારે મનુષ્યને સૌથી વધારે ભોગવટો આવે એટલે એને મારવાથી સૌથી વધુ પાપ લાગે.






ચિત્તમાં બહુ જાતની શક્તિ છે. શરીરમાં જ્યાં દુઃખતું હોય ત્યાં ચિત્ત વારંવાર જાય અને થોડી વારમાં બધું મટાડી દે. પણ ત્યારે જો ચિત્તને બીજે વાળી દઈએ તો એ મટવાનું બંધ થઈ જાય છે. દા.ત. માથું દુઃખતી વખતે જો રમવા કે ટી.વી. જોવા બેસી જઈએ તો ચિત્ત એમાં જતું રહે. માટે માથું દુઃખવાનું મટતું નથી.

આ બળદિયાને મૂંગા મોઢે ખેતરમાં હળ ખેંચવાનું. એને ન ખેંચવું હોય કે ન ખેંચાતું હોય તો પાછળથી મારે એટલે ચાલવું જ પડે. મૂંગુ પ્રાણી કોને ફરિયાદ કરે ? હવે આમને કેમ આવું માર ખાવાનું થયું ? કારણ કે પહેલા (આગલા ભવમાં) બહુ ફરિયાદો કરી હતી, એના આ પરિણામ આવ્યા. તે દહાડે સત્તામાં આવ્યો ત્યારે બીજાની ફરિયાદ કર કર કરી. હવે સત્તા નથી એટલે ફરિયાદ કર્યા વગર રહેવાનું. માટે ક્યારેય કોઈની ફરિયાદ કરવી નહીં.



તીર્થંકરોનું મોઢું ક્યારે બહુ ખુશમાં આવે, જ્ઞાનીઓને જુએ ત્યારે. કારણ કે જ્ઞાનીઓ બધાને મોક્ષ માટે તૈયાર કરીને એમની પાસે મોકલે. તીર્થંકરોને કોઈ મહેનત કરવાની ન રહે. તેથી તેઓ જ્ઞાની ઉપર બહુ ખુશ હોય. અને એટલે જ આપણે દાદા ભગવાનની સાક્ષીએ નમસ્કાર પહોંચાડીએ તો સડસડાટ ત્યાં પહોંચી જાય.



# વિદ્યા વિનયથી જ પ્રાપ્ત થાય !

રાજગૃહી નગરીમાં જ્યારે શ્રેણિક રાજા વિરાજમાન હતા, ત્યારે તે નગરીમાં એક ચંડાળ રહેતો હતો. એક વખતે એ ચંડાળની પત્નીને ગર્ભ રહ્યો, ત્યારે એને કેરી ખાવાની ઈચ્છા ઉત્પન્ન થઈ. એણે તે લાવી આપવા પોતાના પતિને કહ્યું.

ચંડાળે કહ્યું, ''આ કેરીનો વખત નથી. એટલે હું કંઈ ન કરી શકું. નહીં તો ગમે તેટલે ઊંચે હોય ત્યાંથી મારી વિદ્યાના બળે કરીને લાવી તારી ઈચ્છા પૂરી કરત.''

પત્નીએ કહ્યું, ''રાજાની મહારાણીના બાગમાં આંબો છે, જે બારે માસ કેરી આપે છે. તેના પર અત્યારે કેરીઓ લચી રહી હશે. માટે ત્યાં જઈને એ કેરી લાવો.''

પત્નીની ઈચ્છા પૂરી કરવા ચંડાળ તે બાગમાં ગયો. ગુપ્ત રીતે આંબા પાસે જઈ, મંત્ર ભણીને તેને નમાવ્યો અને કેરી લીધી. બીજો મંત્ર બોલીને આંબાને ફરી હતો તેવો કરી દીધો.

તે ઘેર આવ્યો. ચંડાળપત્ની ખુશ થઈ. હવે ચંડાળ, પત્નીની ઈચ્છા પૂરી કરવા માટે વારંવાર પોતાની વિદ્યાના બળે ત્યાંથી કેરી લાવવા લાગ્યો.

એક દિવસે ફરતા ફરતા માળીની દૃષ્ટિ આંબા પર ગઈ. કેરીઓની ચોરી થયેલી જોઈને એણે તરત શ્રેણિક રાજાને જાણ કરી.

**''મારી પાસે એક વિદ્યા છે, તેના યોગથી હું આ કરી શકું છું''**

શ્રેણિકની આજ્ઞાથી અભયકુમાર નામના બુદ્ધિશાળી પ્રધાને યુક્તિ વડે તે ચંડાળને પકડી પાડ્યો. ચંડાળે કરગરતાં કહ્યું, ''આપ મારો અપરાધ ક્ષમા કરો.''

અભયકુમારે પૂછ્યું, ''આટલા બધા માણસો બાગમાં રહે છે, છતાં તું કેવી રીતે ચઢીને કેરીઓ લઈ જાય છે તે કહે.''



ચંડાળે ધ્રુજતાં ધ્રુજતાં કહ્યું, ''મારી પાસે એક વિદ્યા છે, તેના યોગથી હું એ કેરીઓ લઈ શકું છું. મને ક્ષમા કરો.''

અભયકુમારે કહ્યું, ''મારાથી ક્ષમા ન થઈ શકે. પરંતુ જો તું મહારાજા શ્રેણિકને એ વિદ્યા આપે તો તારા ઉપકારના બદલામાં હું અપરાધ ક્ષમા કરાવી શકું.''


ચંડાળે એમ કરવાની 'હા' કહી. અભયકુમારે રાજાને બધી વાત કરી. રાજા સહમત થયા.

ચંડાળને રાજસભામાં લાવવામાં આવ્યો. શ્રેણિક રાજા સિંહાસન પર બેઠા. ચંડાળ એમની સામે ઊભો રહ્યો. ચંડાળે સામે ઊભા રહી થરથરતે પગે શ્રેણિકને તે વિદ્યા શીખવવા માંડી, પણ રાજાને તે આવડે જ નહીં.

ઝડપથી ઊભા થઈ અભયકુમાર બોલ્યા, ''મહારાજ ! આપને જો એ વિદ્યા શીખવી હોય તો સામા આવી ઊભા રહો અને એને સિંહાસન આપો.''

રાજાએ વિદ્યા લેવા ખાતર એમ કર્યું તો તત્કાળ વિદ્યા આવડી ગઈ.

જોયું મિત્રો, વિદ્યા પ્રાપ્ત કરવા માટે રાજાને પણ એક ચંડાળનો વિનય કરવો પડ્યો. માટે વિદ્યા વિનયથી જ ગ્રહણ થાય છે. ભગવાને પણ વિનયને ધર્મનું મૂળ કહ્યું છે. માટે આપણે હંમેશા શિક્ષકોનો, ગુરુનો, માતા-પિતાનો અને વડીલોનો વિનય કરવો જોઈએ.



# દાદાજી કહે છે...

## 'કોમનસેન્સ' એટલે શું ?



'કોમનસેન્સ' એટલે શું ? 'એવરીવ્હેર એપ્લિકેબલ', થીઅરેટિકલી અને પ્રેક્ટિકલી. 'કોમનસેન્સ' એ એવી ચાવી છે કે 'એવરીવ્હેર એપ્લિકેબલ' જ હોય, એનાથી ગમે તેવા કાટ ચઢેલા તાળાં ઉઘડી જાય (ગમે તેવી મુશ્કેલીનો અંત આવી જાય). નઠારામાં નઠારા માણસનું તાળું આપણાથી ઊઘડે તો જાણવું કે આપણી પાસે 'કોમનસેન્સ' છે. એટલે કે નઠારામાં નઠારા માણસ જોડે એડજસ્ટ થઈ જાય એને કોમનસેન્સ કહેવાય.

'કોમનસેન્સ'વાળો માણસ 'એવરીવ્હેર એડજસ્ટેબલ' હોય. કોઈ ગાળ ભાંડે તેની જોડેય (પ્રતિકાર કર્યા વગર) 'એડજસ્ટ' થઈને કહેશે, 'આવો, આવો, બેસો ને ! કશો વાંધો નહીં.' એટલે, 'કોમનસેન્સ' જોઈશે. અને આ તો 'અક્કલ વગરના છો' એવું કહ્યું કે મોઢું ચઢી જાય. અલ્યા, 'કોમનસેન્સ' નથી ? તારું મોઢું શું કરવા ચઢી ગયું આમાં ?

પ્રશ્નકર્તા : 'કોમનસેન્સ'વાળો હોય એટલે બધે ઉકેલ કરી નાખે ને ?

દાદાશ્રી : 'કોમનસેન્સ'વાળો હોય એ તો બધા બહુ જાતના ઉકેલ લાવે, વ્યવહારની બધી ગૂંચો કાઢી નાખે. 'કોમનસેન્સ'વાળાને કોઈની જોડે વઢવાડ ના થાય. મતભેદ પડે છે, એટલે આપણે ના સમજીએ કે કંઈક 'સેન્સ' (સમજણ) ઓછી હશે.

પ્રશ્નકર્તા : બેમાંથી કોનામાં 'સેન્સ' ઓછી હોય એ શી ખબર પડે ?

દાદાશ્રી : એ તો ખબર પડે ને, કે બેમાંથી કોણ પહેલો મતભેદ પાડે છે ? એનામાં ઓછી.

પ્રશ્નકર્તા : એટલે અથડામણ થાય ત્યાં 'કોમનસેન્સ' જ ના કહેવાય.

દાદાશ્રી : એવું નહીં, પણ એ 'કોમનસેન્સ' ઓછી કહેવાય. 'કોમનસેન્સ'વાળો તો અવળું થયું હોય તોય સવળું ફેરવી નાખે. તરત જ, એને કશી વાર ના લાગે. એનું નામ 'કોમનસેન્સ'.



### 'કોમનસેન્સ' કેવી રીતે વધે?

*૧) બધા જોડે હળીમળીને રહેવાથી 'કોમનસેન્સ' વધે.*

*૨) સરળતાથી 'કોમનસેન્સ' બહુ વધે. સરળતાથી છેતરાય ખરો, પણ છેતરાય તે ઘડીએ એની 'કોમનસેન્સ' ખીલે અને સમજ પડે કે આવા સંજોગોમાં છેતરાઈ જવાય છે, એટલે એ વધતી જાય.*

*૩) સહેજેય સ્વાર્થ હોય ને, ત્યાં 'કોમનસેન્સ' પૂરી ના હોય. જગત તો પોતાના સ્વાર્થને માટે સામાને રાજી રાખે એટલે 'કોમનસેન્સ' પૂરી થાય નહીં એની. કારણ કે સ્વાર્થમાં વપરાઈ જાય એ !*

# જેસલ અને તોરલ

આ છે એક બહારવટિયા અને એક સતી સ્ત્રીની કથા. સતી સ્ત્રી એટલે જેને પોતાના પતિ સિવાય બીજા કોઈ પુરુષનો વિચાર પણ ન આવે એવી સ્ત્રી. આ સિવાય બીજા પણ ઘણાં ઘણા ઉત્તમ ગુણોને ધારણ કરનારી સતી સ્ત્રીનો પ્રભાવ કેવો હોય છે એ દર્શાવતી આ સત્ય વાર્તા છે.

જેસલ જાડેજા, કચ્છનો ખૂંખાર બહારવટિયો. પશુઓ પ્રત્યે ક્રૂર અને ઘાતકી, મોરલાઓને તો કાચા ને કાચા ખાઈ જનારો, હરણિયાઓનો કાળ, સ્ત્રીઓને ધોળે દહાડે લૂંટી લેનારો એવો ભયંકર લૂંટારું. ધરતી એના નામથી ધ્રુજતી.

એકવાર એના ભાભીએ એને ટોણો માર્યો, ''જો તમે સાસકીઆ કાઠીની પત્ની તોરલને ઉપાડી લાવો તો જાણું કે તમારામાં હિમ્મત છે.''

ભાભીનો ટોણો સહન ન થતાં એ જ પળે જેસલ ઊભો થઈ ગયો. તોરલને ઊપાડી લાવવા ઘોડી પર ચડી પૂરપાટ વેગે નીકળી પડ્યો.

જોતજોતામાં એ સાસકીઆના ઘરે પહોંચી ગયો. રાત પડી ગઈ હતી. ઘરમાં આરતી ચાલતી હતી. સતીમા તોરલ આરતી ઉતારતા હતા.


જેસલ, જ્યાં ઘોડા બાંધ્યા હતા એ ગમાણમાં છૂપાઈ ગયો. આ બાજુ આરતી પૂરી થતાં સતીમાએ પ્રસાદ વહેંચવાનો શરૂ કર્યો. મા પાસે પ્રસાદના બાવન પડીકા હતા. એમના એકાવન પડીકા વહેંચાયા. એક વધતાં તેઓ બોલ્યા, ''કોઈ એક ભક્ત બાકી રહે છે, નહીં તો પ્રસાદના પડીકા બાવન બને જ નહીં.''

આજુબાજુ તપાસ કરતાં કાઠીએ ગમાણમાં છુપાએલા જેસલને જોયો. કાઠીએ પૂછ્યું, ''કોણ છો તમે ? અહીં કેમ છુપાયા છો ?''

જેસલ જાડેજાએ પોતાનું નામ દીધું. એનું નામ સાંભળતાં જ ઉપસ્થિત લોકો ભયથી ધ્રુજી ઊટ્યા.

જાડેજાએ કહ્યું, ''કાઠી ! હું તોરલને લેવા આવ્યો છું. જો તું સીધી રીતે નહીં આપે તો મારે હુલ્લડ કરવું પડશે.''





કાઠીએ કહ્યું, ''હુલ્લડની શી જરૂર છે ?''

પછી તોરલ તરફ વળીને કાઠી બોલ્યા, ''સતીમા ! જાડેજાની ઈચ્છા પૂરી કરો તો સારું. એ વિકૃત વૃત્તિઓનો ભોગ બનેલો જીવ છે (ઊંધા રસ્તે ચાલતો માણસ). તમે એના ઘેર જશો તો એનો ઉદ્ધાર થઈ જશે.''

પતિની આવી ઈચ્છા જાણીને સતીમા તોરલ જાડેજાની પાસે જઈ ઊભા. પતિને અંતિમ નમસ્કાર કર્યા. કાઠીએ પત્નીને અને જેસલને ભાવભરી વિદાય આપી.

જાડેજા ઘોડી પર સવાર થયો. તેણે તોરલને પોતાની પાછળ બેસવા કહ્યું. તોરલે ના પાડતા કહ્યું, ''હું ઘોડીની પાછળ ચાલીશ. ઘોડી ભલે પૂરપાટ વેગે જાય. તમે જ્યારે પણ મને જોશો ત્યારે ઘોડીની પાછળ બે ડગલે ઊભેલી જોશો.''

જેસલ તો ડઘાઈ જ ગયો. આ સાંભળતાં જ એને તોરલમાં સતીના(દેવી) દર્શન થયા. એ દર્શન થતાં જ એની વાસના ત્યાં ને ત્યાં જ ખતમ થઈ ગઈ.

ઘોડી પૂરપાટ વેગે જવા લાગી. સતીમા તેની પાછળ ને પાછળ જ રહ્યા. રસ્તામાં નદી આવી. તેને પાર કરવા માટે હોડીવાળો હાજર હતો. પરંતુ હોડી ઘણા બધા લોકોથી ભરાઈ ગઈ હતી.

સતીમાએ બૂમ પાડીને આગળ વધતી હોડીને કિનારે અટકાવી. સહુને હોડીમાંથી ઊતરી જવા વિનંતી કરી. એક જ પળમાં તેનો અમલ થયો. હોડી સાવ ખાલી થઈ ગઈ.

જેસલ અને તોરલ હોડીમાં બેઠાં. હોડી ચાલવા લાગી. અચાનક વાતાવરણ બદલાવા માંડ્યું. સામી દિશાથી ભયાનક વાવાઝોડું ધસી આવતું તેમણે જોયું. પાણી જોરજોરથી ઊછળવા લાગ્યું. હોડી જોરથી હાલમડોલમ થવા લાગી. જો જરાક વધુ પવનનો હડસેલો લાગી જાય તો હોડી સાવ ઊંધી વળી જાય એવી સ્થિતિ સર્જાઈ ગઈ. જેસલ ખરેખરો ગભરાઈ ગયો. એણે તોરલ સામે જોયું તો તોરલ સતી સ્વસ્થ અને શાંત મુદ્રામાં નિર્ભયપણે બેઠા હતા.

જાડેજાને માથે મોત ભમતું દેખાવા લાગ્યું. દુનિયાને ડરાવનારો જેસલ આજે મોતથી ડરી ગયો હતો. એણે ખૂબ દયામણા ચહેરે સતીમાને કહ્યું, ''કોઈ પણ ભોગે વાવાઝોડું શાંત કરો.''

સતીમાએ જેસલને કહ્યું, ''આ અતિ ભયાનક કુદરતી આફત છે. તેને માનવીથી નિવારી શકાય નહીં. જેસલ જાડેજા ! હવે તો જગતનો જે ઊંચામાં ઊંચો ધર્મ છે તેનું જ શરણું લો. એ ધર્મ છે, પોતાના થયેલા ઘોર પાપો ઉપર અશ્રુભરી આંખે તીવ્ર પશ્ચાતાપ. જાડેજા ! હવે તમારા એકેએક પાપો યાદ કરો અને સાચા દિલથી

તેની ઉપર પશ્ચાતાપ કરો.''

સામે મોત જોઈને આજીવન પાપ આદરનારો, ક્રૂર, ઘાતકી અને વ્યભિચારી જાડેજાએ તોરલને પોતાના પાપોની કહાણી કહેવાની શરૂ કરતા કહ્યું, ''મેં સેંકડો મોરલાને મારી નાખ્યા છે. ઘણી કુમારિકાઓને લૂંટી છે. લાખો રૂપિઆની લૂંટફાટ કરી છે. ઓ સતીમા ! મને બચાવો. મને બચાવો. મને બચાવો.''

આ રીતે જાડેજા તેના એક પછી એક પાપ યાદ કરતો ગયો અને સતીમા પાસે ખુલ્લા કરી એનું પ્રાયશ્ચિત કરતો ગયો. એની આંખમાંથી એકધારા આંસુ પડવા લાગ્યા.

અને કેવું આશ્ચર્ય કે જેમ જેમ એ પાપોનું પ્રાયશ્ચિત કરતો ગયો એમ એમ તોફાન શમતું ગયું અને હોડી સ્થિર થઈને સડસડાટ સામે કિનારે પહોંચી ગઈ. સામે કિનારે જાડેજા જ્યારે ઊતર્યો ત્યારે નખશિખ પવિત્ર થઈ ગયો હતો.

તે દિવસથી આખી જિંદગી જેસલ એક સાધુ જેવું જીવન જીવ્યો.



# ચાલો રમીએ...


## ૧

નીચે આપેલ ચિત્રમાંથી આઠ તફાવત શોધો.





## ૨





બાજુમાં આપેલ ચોરસ ખાનાઓમાં ૧ થી ૬ આંકડાઓ એવી રીતે પૂરો, કે જેથી દરેક આડી લાઈન, ઊભી લાઈન તથા સળંગ સાંકળમાં અલગ અલગ નંબર હોવા જોઈએ.

## 3




ઉપર આપેલ નવ આકારને નીચે આપેલ ચોરસ ખાનાઓમાં એવી રીતે ગોઠવો કે જેથી દરેક આડી લાઈન, ઊભી લાઈન કે ત્રાસી હરોળમાં કોઈ પણ એક આકાર બે વાર ન આવે.




## ૪

નીચેની આકૃતિમાં ૪ બાજુવાળી કેટલી આકૃતિઓ છે એ શોધો.



## ૫

A થી B ને જોડતી એક એવી સળંગ લાઈન દોરો કે જે બધા જ ચોરસમાંથી પસાર થતી હોય પણ જે ચોરસમાં મશરૂમ છે એ ચોરસમાંથી પસાર ના થવી જોઈએ તેમજ લાઈન આડી અથવા તો ઊભી જ હોવી જોઈએ. ત્રાંસી લાઈન ના હોવી જોઈએ.




## ૬

૧ થી ૧૦૦ આંકડામાં ૭ કેટલી વાર આવે ?

# તુકારામની નીતિમત્તા

સંત તુકારામ વિઠોબાના પરમ ભક્ત હતા. તેઓ ખૂબ દયાળુ હતા. પોતે અત્યંત ગરીબ હોવા છતાં પવિત્રતાથી જીવન જીવતા. એમની પત્નીનો સ્વભાવ ખૂબ ઝઘડાખોર હતો અને તેથી જ તેઓ પ્રભુભક્તિ તરફ વળ્યા હતા.

શિવાજીને એમની કાળઝાળ ગરીબીની જાણ થઈ ત્યારે તેઓ ધ્રૂજી ઊઠ્યા. એમણે તુકારામને કોઈ રીતે મદદ કરવાનું નક્કી કર્યું. તપાસ કરાવતા શિવાજીને જાણ મળી કે તુકારામના ઘરમાં માટીના વાસણો છે અને તેય ભાંગ્યાંતૂટ્યા.

બીજે દિવસે શિવાજીએ પિત્તળના સુંદર વાસણો તુકારામના ઝૂંપડે મોકલી આપ્યા. તે વખતે તુકારામ ઘરમાં હાજર ન હતા. એમની પત્ની વાસણો જોઈને લલચાઈ ગઈ. એણે વાસણોનો સ્વીકાર કરી લીધો. સુંદર વાસણો જોઈને તે ખૂબ હરખાઈ ગઈ. તરત જ એણે ઘરમાં રહેલા બધા માટીના વાસણો ગરીબોને વહેંચી દીધા.


સાંજ પડતા તુકારામ ઘરે આવ્યા. સઘળી વાતની જાણ થતાં એમને બહુ દુઃખ થયું. જમવા બેઠાં પણ તેઓ પૂરું ભોજન પણ ન લઈ શક્યા. એમનું મન એક જ અવાજ કરતું હતું કે, ‘અણહક્કનું શી રીતે લેવાય?’’ અડધું ભોજન પડતું મૂકીને તેઓએ ગરીબોને ઘર આંગણે ભેગા કર્યા. પિત્તળના તમામ વાસણો એમને ભેટ આપી દીધા.

આ જોઈ એમની પત્નીએ ફરી કકળાટ શરૂ કર્યો. પણ સાંભળે એ બીજા. પત્ની બૂમો પાડતી જ રહી અને વાસણો વહેંચાઈ ગયા. બધા વાસણો વહેંચાઈ ગયા પછી એમણે પત્નીને કહ્યું, ‘‘જો તને વાસણો (માટીના) ગરીબોને વહેંચી દેવાનો અધિકાર છે, તો શું મને તે અધિકાર નથી?’’

જોયું મિત્રો, ગરીબ હોવા છતાં સંત તુકારામની નીતિ કેટલી ઊંચી હતી!



# દૂધ પીવાય, લોહી નહીં



એક વાર એક વેપારી સાથે શ્રીમદ્જીએ હીરાના સોદા કર્યા. સોદામાં એવું નક્કી કરવામાં આવ્યું કે, અમુક તારીખે નક્કી કરેલા ભાવ પ્રમાણે એ વેપારીએ શ્રીમદ્જીને અમુક હીરા આપવા. વેપારીએ આ બાબતનું લખાણ લખી, પોતાની સહી કરી શ્રીમદ્જીને કાગળ આપ્યો હતો.

પરંતુ એવું બન્યું કે, સમય પાકતા એ હીરાની કિંમત ખૂબ જ વધી ગઈ. એ વેપારી લખાણ પ્રમાણે શ્રીમદ્જીને જો હીરા આપે તો એને બહુ ભારે નુકસાનીમાં ઉતરવું પડે. પોતાની બધી જ માલમિલકત વેચી દેવી પડે, પણ હવે શું થાય?

આ બાજુ શ્રીમદ્જીને જ્યારે હીરાના બજારમાં ચાલી રહેલા ભાવની ખબર પડી, ત્યારે તેઓ તરત જ પેલા વેપારીની દુકાને જઈ પહોંચ્યા.

શ્રીમદ્જીને દુકાને આવેલા જોઈને વેપારી ગભરાઈ ગયો. એ કરગરીને બોલ્યો, ''રાયચંદભાઈ, આપણી વચ્ચે થયેલો હીરાનો સોદો મને યાદ છે. એ અંગે મને ચિંતા થાય છે. મારું જે થવાનું હોય એ ભલે થાય, પણ તમે ખાતરી રાખજો કે હું તમને આજના બજાર ભાવે હીરાની કિંમત ચૂકવી દઈશ. તમે જરાયે ચિંતા ના કરશો.''

એ સાંભળીને શ્રીમદ્જી કરુણાભર્યા અવાજે બોલ્યા, ''વાહ ભાઈ, વાહ! હું ચિંતા શા માટે ન કરું? તમને સોદાની ચિંતા થતી હોય તો મને શા માટે ચિંતા ન થવી જોઈએ? આપણા બન્નેની ચિંતાનું મૂળ કારણ તો આ લખાણવાળુ કાગળિયું જ છેને? એનો જ નાશ કરી દઈએ તો આપણા બન્નેની ચિંતા મટી જશે.''

એમ કહીને શ્રીમદે સહજ ભાવે પેલું લખાણ ફાડી નાખ્યું.

પછી શ્રીમદ્જી કહે, ''ભાઈ, આ લખાણને કારણે તમારા હાથ-પગ બંધાયેલા હતા. બજાર ભાવ વધી જવાથી તમારી પાસે મારે સાઈઠ-સિત્તેર હજાર લેવાના થાય, પરંતુ હું તમારી સ્થિતિ સમજી શકું છું. એટલા બધા રૂપિયા હું તમારી પાસેથી લઉં તો તમારી શી દશા થાય એ શું મને નથી ખબર? રાયચંદ દૂધ પી શકે છે, લોહી નહીં.''

પેલો વેપારી કૃતજ્ઞભાવે શ્રીમદ્જી તરફ આભો બની જોઈ જ રહ્યો.


**જોયું મિત્રો, જ્ઞાનીઓનું હૃદય!**

# મનગમતી વાર્તા


દિપકભાઈને 'જય સચ્ચિદાનંદ' કરો.
જય સચ્ચિદાનંદ.
જય સચ્ચિદાનંદ કહીશ તો ચોકલેટ મળશે.
ચોકલેટ માટે મારે જય સચ્ચિદાનંદ કહેવું જોઈએ.
જય સચ્ચિદાનંદ.
જય સચ્ચિદાનંદ.
હવે ચોકલેટ આપો.
લાવ પગે લાગું. તો મને બીજી ચોકલેટ આપશે.
હવે બીજી ચોકલેટ આપો.
એક જ વાર મળે. હવે નહીં.


# શોધી કાઢો...

નીચે આપેલું દરેક વાક્ય કઈ ગતિ માટેનું છે એ બાજુમાં આપેલા અ, બ, ક, ડ, ઈ માંથી શોધી કાઢો.




૧) મોક્ષે અહીંથી જ જવાય છે.
૨) મરણ જેવી વેદના હોય છે.
૩) સુખનો એક છાંટો પણ જોવા ન મળે.
૪) અહીં સુખ ઓછું ને દુ:ખ વધુ હોય છે.
૫) અહીં જન્મ, ઘડપણ કે મરણ ન હોય.
૬) અહીં કર્મ બંધાય પણ છે અને કર્મમાંથી છૂટાય પણ છે.
૭) અહીં ભયંકર દુ:ખો ભોગવવા પડે છે.
૮) આખી જીંદગી લાચારીમાં કાઢવી પડે છે.
૯) પુષ્કળ ઠંડી, પુષ્કળ ગરમી, લોહીની નદીમાં ડૂબાડે, આગમાં બાળે વગેરે અનંત દુ:ખો હોય છે.
૧૦) ભગવાન, ભક્તિ, જ્ઞાન, જ્ઞાનની સમજણ પણ અહીં જ મળે છે.
૧૧) સતત ભય, ફરિયાદ કર્યા વગર દુ:ખો વેઠવા પડે એવી લાચાર સ્થિતિ.
૧૨) અહીં સુખ બહુ હોય પણ ધર્મ ન કરી શકે.
૧૩) અહીં સુખ વધારે અને દુ:ખ ઓછું હોય.
૧૪) પારા જેવું શરીર હોય. જેટલી વાર કાપે એટલી વાર ફરી જોડાઈ જાય.
૧૫) અહીં જન્મ, માંદગી, ઘડપણ અને મૃત્યુના દુ:ખો હોય છે.
૧૬) અહીં સુખ જ સુખ હોય છે, દુ:ખનો છાંટો ન હોય, અહીંથી ફરી ચાર ગતિમાં ફરવું ન પડે.

# જાણવા જેવું




૧) આખા બ્રહ્માંડનો આકાર, મનુષ્ય બે પગ પહોળા કરીને અને બન્ને હાથ કમર પર રાખીને ઊભો રહે એના જેવો છે.

એમાં મધ્યભાગમાં ૧૫ મનુષ્યલોક છે. ઉપર ૧૨ પ્રકારની દેવગતિ છે અને નીચે સાત પ્રકારની નરકગતિ છે. લોક અને અલોકના સાંધા પર સિદ્ધક્ષેત્ર છે. જ્યાં અનંતા સિદ્ધ ભગવાનો બિરાજે છે.

૨) ૧૫ મનુષ્યલોકમાં ૫ ભરત ક્ષેત્ર, ૫ મહાવિદેહ ક્ષેત્ર અને ૫ ઐરાવત ક્ષેત્ર છે. આપણે રહીએ છીએ એ ભરત ક્ષેત્ર કહેવાય અને સીમંધર સ્વામી મહાવિદેહ ક્ષેત્રમાં છે.

૩) ભરત ક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રમાં કાયમ તીર્થંકરોની હાજરી ન હોય. જ્યારે મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકરો કાયમ હાજર હોય.

૪) આપણા ભરતક્ષેત્રના જીવો સાથે સીમંધર સ્વામીને ઋણાનુબંધ છે. તેથી એમની ભક્તિ આરાધના કરવાથી એમની પાસે પહોંચાય. અને એમના દર્શન કરીને મોક્ષે જવાય.

૫) ભરત ક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રમાં જ્યારે તીર્થંકરો હોય ત્યારે એક સમયે એક જ તીર્થંકર હોય. એમના નિર્વાણ પછી બીજા તીર્થંકર જન્મ લે.

જ્યારે મહાવિદેહ ક્ષેત્રમાં બધા તીર્થંકરો એક સાથે જ જન્મે, એક સાથે જ દીક્ષા લે, એક સાથે જ બધાને કેવળજ્ઞાન થાય અને એક સાથે જ નિર્વાણ પામે.


બધાનો સમય સાથે હોવા છતાં બધા તીર્થંકરો આખી જીંદગીમાં એકબીજાને ક્યારેય મળે નહીં.

# પઝલના જવાબો


૧



૨





૩




૪ જવાબ - ૨૦

૫




૬ જવાબ - ૨૫

## શોધી કાઢો...




જવાબ :
(અ) મનુષ્ય : ૧, ૬, ૧૦, ૧૩, ૧૫
(બ)દેવ : ૫, ૧૨
(ક)જાનવર : ૪, ૮, ૧૧
(ડ)નર્ક : ૨, ૩, ૭, ૯, ૧૪
(ઈ)મોક્ષ : ૧૬


# મુંબઈ કીડ્સ કેમ્પ

તા. ૨૧ એપ્રિલથી ૨૪ એપ્રિલ દરમ્યાન યોજાયેલ મુંબઈ કિડ્સ કેમ્પની ખાસિયત એ હતી કે સેશન ડિઝાઈનીંગથી લઈને એક્ઝીક્યુશન સુધીની બધી જ જવાબદારી મુંબઈ ટીમે ખૂબ જ સફળતા પૂર્વક નીભાવી હતી.






૭ થી ૯ વર્ષના ગ્રુપમાં 'મદદ' અને 'ખરાબ શબ્દો (બેડ વર્ડ્સ) ના બોલાય' પર સેશન હતી.



Akram Express

May 2011
Year : 3, Issue : 9
Conti. Issue No.: 33

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month





૧૦ થી ૧૨ વર્ષમાં 'વિનય' અને 'મારી જવાબદારીઓ' પર સેશન રાખવામાં આવી હતી.




બન્ને ગ્રુપમાં શ્રીમદ્ રાજચંદ્રના જીવન ચરિત્ર પર પણ સેશન રાખવામાં આવી હતી. એક્ટીવ લર્નિંગના બેઝ પર ડિઝાઈન થયેલી આ સેશનો બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પૂરું પાડવામાં સફળ રહી. એક્ટીવ લર્નિંગના ભાગરૂપે ક્રાફ્ટ વર્ક, પપેટ્સ, હેન્ડ પેઈન્ટિંગ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બન્ને ગ્રુપ મળીને આ કિડ્સ કેમ્પમાં અંદાજે ૧૬૦ બાળકોએ ભાગ લીધો હતો.








કેમ્પના અંતે બધાને આપવામાં આવેલી રીટર્ન ગીફ્ટે બાળકોના આનંદમાં ઓર જ જાતનો વધારો કરી દીધો.



<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##**.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.